જામનગરની નવી ઓળખ સમાન ઓવરબ્રિજનો અદ્‌ભુત ઝળહળાટ

(તસ્વીરઃ નિર્મલ કારીયા)



જામનગરમાં સાત રસ્તા સર્કલથી સુભાષબ્રિજ સુધીનાં ઓવરબ્રીજનું લોકાર્પણ થતા નગરને મોટા વિકાસકાર્યની ભેટ મળી છે એમ કહી શકાય. લોકાર્પણને અનુલક્ષીને ઓવરબ્રિજને રૌશનીથી ઝળહળતો કરવામાં આવ્યો છે ત્યારે રાત્રિનાં સમયે તેની આભા અદ્‌ભુત લાગે છે. સાત રસ્તા સર્કલ પર ખાસ ભૌગોલિક પરિસ્થિતિને કારણે પુલ ઉપર રચાયેલ સર્કલ અને સંલગ્ન રસ્તાઓ પ્રગતિનાં દિશાસૂચક હોય એવું લાગે છે. ટ્રાફિક સમસ્યામાં મોટી રાહતરૂપ થવાની સાથે જ આ ઓવરબ્રિજ શહેરનાં વિકાસનાં એક સીમાચિહ્નરૂપ અને શહેરીકરણનાં પરીપ્રેક્ષ્યમાં મેટ્રો સિટીની અનૂભૂતિ કરાવનારો બની રહેશે.

ફ્લાય ઓવર બ્રિજના લોકાર્પણ પછી ધન્વન્તરિ ઓડીટોરિયમમાં યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીનું સંબોધનઃ

વરસાદનું ટીપેટીપું બચાવી ભાવિ પેઢી માટે જળસંચય અને જળસંગ્રહ જરૂરીઃ ભૂપેન્દ્ર પટેલ

(તસ્વીરઃ પરેશ ફલીયા)

જામનગર તા. ૨૪: આજે ફ્લાયઓવર બ્રિજના ઉદ્‌ઘાટન પછી ધન્વન્તરિ ઓડિટોરિયમમાં યોજાયેલા સમારોહમાં સંબોધન દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જળસંગ્રહ, સંચય તથા સ્વચ્છતા પર ભાર મૂક્યો હતો.

જામનગર શહેરને આજે સૌરાષ્ટ્રના સૌથી લાંબા ફ્લાય ઓવરની ભેટ મળી છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ફ્લાય ઓવર સાઈટ ઉપર લોકાર્પણ કરી તેને ખુલ્લો મૂક્યા પછી ધન્વન્તરિ મંદિરના ઓડિટોરિયમમાં અનેક વિધ વિકાસકામોના ખાતમુહૂર્ત તથા લોકાર્પણનો ભવ્ય સમારોહ યોજાયો હતો, આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, જામનગર જિલ્લા પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, રાજ્ય કક્ષાના મંત્રી રિવાબા જાડેજા, સાંસદ પૂનમબેન માડમ, જિ.પં. પ્રમુખ મૈયબેન ગરસર, મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, ધારાસભ્યો દિવ્યેશભાઈ અકબરી, મેઘજીભાઈ ચાવડા, શહેર ભાજપ અધ્યક્ષ બીનાબેન કોઠારી, ડેપ્યુટી મેયર કિષ્નાબેન સોઢા, મનપા તથા જિ.પં.ના પદાધિકારીઓ, જિલ્લા કલેક્ટર કેતનભાઈ ઠક્કર, મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી, એસપી ડો. રવિ મોહન, ડીડીઓ, અન્ય અધિકારીઓ, નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે, જામનગરને દરરોજ પાણી પુરવઠો અપાય, તે સારી વાત છે, પરંતુ પાણીનો બગાડ અકટાવીને બચાવ કરવાની જરૂર જણાવીને ભાવિ પેઢી માટે વરસાદનું ટીપેટીપું પાણી બચાવવા વોટર રિચાર્જીંગની સરકારની યોજનાઓ સમજાવી હતી કે, જળસંગ્રહના વિવિધ પ્રોજેક્ટો પણ વર્ણવ્યા હતાં.

મુખ્યમંત્રીએ ગુરુ તેગબહાદુરના બલિદાન દિવસનો ઉલ્લેખ કરીને ગુરુ ગોવિંદસિંહજીના પંજપ્યારે પૈકીના સંત મોહકમસિંહજી બેટદ્વારકા (ઓખા) ના હતાં. તેઓને પણ યાદ કર્યા હતાં, અને દ્વારકાધામ વિકાસની વાત પણ કરી હતી.

મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન જે કહે છે તે કરે છે, આજે લાખનો આંકડો સામાન્ય બન્યો છે, અને કરોડોના વિકાસકામો થઈ રહ્યા છે. જે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાને સ્થાપેલી વિકાસલક્ષી વિચારધારાને આભારી છે. તેમણે કહ્યું કે, છેલ્લા ત્રણ દિવસમાં જ તેમણે જામનગર અને કચ્છ સહિત રાજ્યમાં રૂ. ૧૮૪૬ કરોડના વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા છે.

મુખ્યમંત્રીએ અત્યાર સુધીના દરેક વડાપ્રધાનોએ કરેલા પ્રયાસોનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે, સેમિકન્ડક્ટરના ક્ષેત્રે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સફળતા મળી છે, જે પ્રબળ જ ઈચ્છાશક્તિની ફલશ્રૂતિ છે.

યોગ, આયુર્વેદ અને પરંપરાગત વિવિધ ચિકિત્સા પદ્ધતિઓ અંગે વડાપ્રધાને જામનગર નજીક વર્લ્ડ વર્લ્ડ મેડિકલ ટ્રેનિંગ સેન્ટર વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના સહયોગથી ઊભુ કરાયું, તેનો ઉલ્લેખ કરીને વડાપ્રધાને આપેલા સ્વદેશીના આગ્રહને અનુસરવાની પણ તેમણે અપીલ કરી હતી.

આયુર્વેદનો અમૂલ્ય વારસો સાચવી રાખવા 'વિરાસત ભી, વિકાસ ભી' ના મંત્ર સાથે ડબલ્યુએચઓ સેન્ટર અને દેશી દવાઓના પ્રચારની પદ્ધતિથી જામનગર પ્રચલિત થયું છે, જે જામનગર માટે ગૌરવની વાત છે.

વિકસિત ગુજરાતનું નિર્માણ કરવા માટે આત્મનિર્ભર બની સ્વદેશી અભિયાન અપનાવવું જોઈએ, તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

કેબિનેટમંત્રી અને જામનગર જિલ્લાના પ્રભારીમંત્રી અર્જુન મોઢવાડિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આ બ્રિજ એક આઈકોનિક બ્રિજ છે. બ્રિજ પરથી પસાર થતા તમામને વિકાસની અનુભૂતિ થાય છે. પ્રધાનમંત્રીના દૂરંદેશી નેતૃત્વને લીધે ગુજરાત રાજ્યનો ફરજિયાત ખર્ચ માત્ર ૪૪ ટકા છે, જેથી વિકાસકાર્યો માટે પૂરતું ફંડ ઉપલબ્ધ થઈ શકે છે. અણધાર્યા ખર્ચને પણ પહોંચી વળાય તેવી ઉત્તમ બજેટ વ્યવસ્થા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના શાસનકાળ સમયે સુનિશ્ચિત કરી હતી, જેને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પૂરી કાર્યદક્ષતાથી નિભાવી અને જાળવી રહ્યા છે.

મુખ્યમંત્રીએ વિકાસના તમામ પ્રોજેક્ટસને કોઈપણ પ્રકારની નાણાકીય અગવડ વગર આગળ વધારી રહ્યા છે.

સાંસદ પૂનમબેન માડમે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, જામનગર માટે આ ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ ક્ષણ છે.

સૌરાષ્ટ્રના ગર્વ સમાન આ બ્રિજ ટીયર ૩ સિટીમાં ભાગ્યે જ ક્યાંય જોવા મળે તેવો છે, જેનાથી રાજકોટ અને દ્વારકાના મુસાફરોની ટ્રાફિક સુગમતામાં વધારો થશે. શહેર સાથે ગ્રામ્ય વિસ્તારમાં પણ માળખાકીય સુવિધાઓ આપવાના પ્રધાનમંત્રીના સંકલ્પને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સુપેરે આગળ વધારી રહ્યાં છે. શહેરની વિકાસની ગતિને પ્રતિબિંબિત કરતો આ બ્રિજ જામનગરના ઈઝ ઓફ લિવિંગમાં એક નવું સીમાચિન્હ સ્થાપિત કરશે. આ બ્રિજથી જામનગર માળખાકીય સુવિધાઓની દૃષ્ટિએ સૌરાષ્ટ્ર ક્ષેત્રે અગ્રેસર બન્યું છે. સામાજિક સમરસતા અને પ્રગતિને અપનાવી જાતિવાદને જાકારો આપવા બદલ જામનગરવાસીઓની સાંસદે સરાહના કરી હતી.

કાર્યક્રમનો આરંભ મુખ્યમંત્રી તેમજ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. મહાનગરપાલિકા, સ્થાનિક વહીવટી તંત્ર, પદાધિકારીઓ વગેરેએ વિવિધ સ્મૃતિ ભેટ આપીને તેમજ હાલારી પાઘડી પહેરાવીને મુખ્યમંત્રીનું ઉષ્માસભર સ્વાગત કર્યું હતું.

જામનગર મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટીતંત્રના સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, અમૃત ૨.૦ યોજના, આરોગ્ય વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, સિંચાઈ વિભાગ તેમજ વિવિધ ઘટકોની જુદી જુદી ગ્રાન્ટ હેઠળ નિર્માણ પામેલા રૂ. ૬૨૨ કરોડથી વધુના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત પ્રસંગે રજૂ થયેલી જામનગરની વિકાસગાથા તેમજ લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયેલ પ્રકલ્પોને લગતી ડોક્યુમેન્ટ્રી ફિલ્મ ઉપસ્થિત સૌએ નિહાળી હતી.

કાર્યક્રમમાં મેયર વિનોદભાઈ ખીમસુર્યાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તથા રાજ્યકક્ષાના મંત્રી રીવાબા જાડેજા, જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરસર, ધારાસભ્યો સર્વે દિવ્યેશભાઈ અકબરી, મેઘજીભાઈ ચાવડા, અગ્રણી બીનાબેન કોઠારી, કલેક્ટર કેતન ઠક્કર, મ્યુ.કમિશનર ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પટુ, જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની, ડેપ્યુટી મેયરશ્રી કિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશ કગથરા, શાસક પક્ષના નેતા આશિષ જોષી, દંડક કેતન નાખવા, મહામંત્રીઓ, અગ્રણીઓ, વિવિધ વિભાગોના અધિકારીઓ, વિદ્યાર્થીઓ સહિત બહોળી સંખ્યામાં આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

જામનગરની સ્વચ્છતા ઝુંબેશને આવકારી જન સહયોગ માંગ્યો

હસો છો કેમ ? અમે આવીએ ત્યારે જ સફાઈ થાય છે ?: મુખ્યમંત્રીની ટકોર

જામ્યુકોની સ્વચ્છતા બદલ પીઠ થાબડી તો ઓડિયન્સ હસવા લાગ્યુ !

જામનગર તા. ૨૪: મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના સંબોધન દરમિયાન જ્યારે જામનગરની સ્વચ્છતા ઝુંબેશને આવકારી જામ્યુકોની પીઠ થાબડી અને પ્રશંસા કરી ત્યારે ઓડિયન્સમાં (શ્રોતાઓમાં) હાસ્યનું મોજું ફરી વળ્યું હતું, તેથી ભૂપેન્દ્રભાઈ પટેલે માર્મિક ટકોર કરી હતી કે, તમે બધા હસો છો કેમ ? શું અમે આવીએ ત્યારે જ આવું બધું (સફાઈ અને સુશોભન વિગેરે) થાય છે...?

તે પછી તેમણે કહ્યું કે, જામનગરની સ્વચ્છતા વ્યવસ્થા સારી છે, પરંતુ જનતાના સહયોગની પણ એટલી જ જરૂર છે ! કેટલાક લોકોએ પણ જાહેરમાં કચરો ફેંકવા અને ગંદકી કરવાની પડી ગયેલી આદતો છોડવી પડે તેમ છે. તેમણે ફરીથી ટકોર કરી કે આજે છે, તેવીસ્વચ્છતા કાયમ જળવાશે, તેવી આશા રાખું છું.

અત્રે ઉલ્લેખનીય છે કે, "નોબત" ના તંત્રીલેખમાં ઉલ્લેખ કર્યો હતો કે, મુખ્યમંત્રીએ તેઓ આવે ત્યારે ખાસ સુશોભન, માર્ગ મરામત, સફાઈ થતી હોવાથી અચાનક અન્ય વિસ્તારોમાં પણ જવું જોઈએ...!



રૂ.૨૨ લાખના દાગીનાની એક આરોપીના પિતાએ કરી હતી ફરિયાદઃ

ચોરીના બનાવમાં રૂપિયા ૧૦ લાખ સોંપવાના આદેશના પગલે યુવતીના ભાઈ પર છ શખ્સનો પ્રાણઘાતક હુમલો

જામનગર તા. ૨૪: જામનગરના એક કોન્ટ્રાક્ટર યુવાનના બહેન સામે થોડા મહિનાઓ પહેલાં મેઘપર પોલીસ સ્ટેશનમાં રૂ.૨૨ લાખના સોનાના દાગીનાની ચોરીની ફરિયાદ કરવામાં આવ્યા પછી અદાલતના આદેશથી રૂ.બારેક લાખના દાગીના મૂળ માલિકને પરત અપાયા હતાં અને રૂ.૧૦ લાખ તે યુવતીને સોંપાયા હતા. તે બાબતનો ખાર રાખી કોન્ટ્રાક્ટર પર છ શખ્સે છરી-પાઈપથી પ્રાણઘાતક હુમલો કરી ફ્રેક્ચર કરી નાખ્યું હતું. પોલીસમાં તેની ફરિયાદ કરવામાં આવી છે.

જામનગરના સરૂ સેક્શન રોડ પર વસવાટ કરતા અને કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા હરદેવસિંહ ભીખુભા ભટ્ટી નામના યુવાન ગયા ગુરૂવારે રાત્રે પોતાના મિત્રો સાથે હવાઈચોક ત્રિજીક આવેલા પેટ્રોલપંપવાળા ઢાળીયા પાસે એક હોટલે આવ્યા હતા. ત્યારે લાલપુર તાલુકાના મેઘપર ગામના મહેન્દ્રસિંહ કિશોરસિંહ પીંગળ અને મયુર રામાવત નામના શખ્સો આવ્યા હતા.

આ શખ્સોએ પોતાના સાગરિત ચિરાગ ભાનુશાળી, વંશરાજસિંહ રૂપસંગ પીંગળ, દુષ્યંતસિંહ ભરતસિંહ પીંગળ, મીતરાજસિંહ રૂપસંગ પીંગળ સાથે મળી પાઈપ, છરી વડે હુમલો કરી હરદેવસિંહને

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

જોઈએ છે

CNC મશીન બનાવતી કંપની માટે નીચેના માણસોની જરૂરીયાત છે.

- I.T.I. / ફીટર (૧૦)
- ટર્નર (૧૦)
- ડીપ્લોમા / ડીગ્રી મેકેનીક (૧૦)
- ડીઝાઈન / ડ્રોઈંગ ઓટોકેડ (૦૫)
- B.COM. / BBA કોમ્પ્યુટરના જાણકાર (૦૫)
- હેલ્પર (૧૦ થી ૧૨ પાસ/ફેઈલ) (૧૦)

રૂબરૂ બાયોડેટા સાથે મળો : સમય સાંજે ૪:૦૦ થી ૫:૦૦ કલાકે

ગીતા મશીન ટુલ્સ પ્રા.લી. પંડિત નહેરૂ માર્ગ, જામનગર.

My Civil Appeal Contempt of Court Pitition. Diary No. 26813/2023

BHAVESH NAROTTAMBHAI JOISHER VS. JUSTICE DHANANJAYA YESHWANT CHANDRACHUD AND OR'S

Supreme Court Case Status

Diary Number	26813/2023 Filed on 07-07-2023 12:08 PM [SECTION: II-E PENDING
Case Number	MA
CNR Number	SCIN010268132023
Present/Last Listed On	17-11-2025 HON'BLE MR. JUSTICE VIJAY BISHNOI
Tentatively case may be listed on (likely to be listed on)	05-12-2025 (Computer generated)
Petitioner(s)	1 BHAVESH NAROTTAMBHAI JOISHER
Respondent(s)	1 JUSTICE DHANANJAYA YESHWANT CHANDRACHUD
Petitioner Advocate(s)	PETITIONER-IN-PERSON PETITIONER-IN-PERSON

Editor, Printer & Publisher: Pradip Madhvani ♦ Owner: Madhvani Prakashan (Nobat) ♦ Printing & Publishing by him at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar-361001 ♦ Phone: 2670924/2555924 ♦ Fax: 2553752